ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

મહાનગરપાલિકામાં સ્ટેશનરી મામલે ગેરરીતી કરતી એજન્સીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે

કોર્પોરેશનમાં એક દાયકાથી સ્ટેશનરીની કામગીરી સંભાળતી એજન્સીનુ ટેન્ડર રદ કરવાના સ્થાયી સમિતિના નિર્ણયને હાઇકોર્ટે ગ્રાહ્ય રાખ્યો : છેલ્લા એક દાયકાથી એજન્સીનુ ટેન્ડર એકસટેન્ડ કરવામાં આવતુ હતુ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાને પ્રિન્ટીંગ તેમજ સ્ટેશનરીની ચીજવસ્તુઓના સપ્લાય મામલે ગેરરીતી પકડાયા બાદ જવાબદાર એજન્સીનુ ટેન્ડર રદ કરી અન્ય એજન્સીને ટેન્ડર આપવાનો નિર્ણય લેવાયો હતો જેના લીધે બેસ્ટ કોમ્પ્યુટર દ્વારા હાઇકોર્ટમાં આ નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. જયારે આ મામલે હાઇકોર્ટે સ્ટેન્ડીંગ કમિટીનો નિર્ણયને માન્ય રાખવાનો આદેશ કર્યો છે. જેના લીધે હવે આગામી દિવસોમાં બેસ્ટ કોમ્પ્યુટર એજન્સીને બ્લેક લીસ્ટ કરવા સુધીના પગલા લેવામાં આવે તેવી પણ સંભાવના છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં વર્ષ ૨૦૧૪ થી બેસ્ટ કોમ્પ્યુટર નામની એજન્સી દ્વારા સ્ટેશનરી પુરી પાડવામાં આવતી હતી જયારે પ્રતિવર્ષ નવુ ટેન્ડર બહાર પાડવામાં આવતુ ન હતુ પરંતુ આ ટેન્ડરને જ એકસ્ટેન્ડ કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવતી હતી. જયારે આ દરમિયાન ચાલુ વર્ષે પ્રિન્ટીંગ સ્ટેશનરી અને ફલેકસ બેનરનુ ટેન્ડર અલગ કરવાનુ નક્કી કરાયુ હતુ. જેના લીધે ટેન્ડર મંગવાયા હતા.

જયારે આ માટે મ્યુનિ કમિશ્નર કક્ષાએથી એલ ૧ તરીકે બેસ્ટ કોમ્પ્યુટરને ટેન્ડર આપવા ભલામણ કરવામાં આવી હતી. જયારે સ્ટેન્ડીંગ કમિટીએ આ મામલે ભાવપત્રકનો જરૂરી અભ્યાસ કર્યો હતો જેના અંતે બેસ્ટ કોમ્પ્યુટરે ભાવભરવામાં ચાલાકી કરી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે છેલ્લા એક દાયકાથી કોર્પોરેશનમાં કાર્યરત આ એજન્સીને વસ્તુના વપરાશ સહીતની સઘળી માહીતી પણ હતી. જે મુજબ ફાયદા માટે વસ્તુનો ભાવ પણ ઉંચો રાખવામાં આવ્યો હતો. જયારે આ મામલે હાઇકોર્ટનો ચુકાદો આવી જતા હવે એક દાયકાથી મહાનગરપાલિકામાં કામ કરતી આ એજન્સીએ જે મુજબ જગલરી કરીને આર્થિક ફાયદો લીધો છે તે અંગે પણ તપાસ કરવામાં આવશે. આ અંગે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને વધુમાં જણાંવ્યુ હતુ કે એજન્સીને પણ બ્લેક લીસ્ટ કરવા સહીતના કડક પગલા લેવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકાને લાંબા સમયગાળે આર્થિક ફાયદો

ગાંધીનગર તા ૨૫

એજન્સીની ગેરરીતી અંગે સ્થાયી સમિતિના ચેરમેન જશવંત પટેલે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે કોર્પોરેશનમાં લેટરહેડ તેમજ ફાઇલના વિશેષ ૨૭ હજાર જેટલા જથ્થાની જરૂરિયાત રહે છે. જયારે એજન્સી કક્ષાએથી લેટરહેડની કીંમત ૩.૨૦ રૂ ભરવામાં આવી હતી જયારે ફાઇલની કિંમત રૂ ૨૦ ભરી હતી. જેના લીધે કુલ કિંમત ખુબ જ વધી જાય છે. જયારે આ માટે હાલ જે એજન્સીને ટેન્ડર આપવામાં આવ્યુ છે તેવા પટેલ એન્ટરપ્રાઇઝે એક ફાઇલની કીંમત રૂ ૧.૩૦ ભરી હતી. અને ફાઇલની કિંમત ૭.૨૦ રૂપિયા ભરી હતી. જેના લીધે મહાનગરપાલિકાને લાંબા સમયે આર્થિક ફાયદો થાય તેમ સ્પષ્ટ થયુ હતુ.

એક વર્ષમાં એજન્સીને ૧.૨૮ કરોડ ચુકવાયા

ગાંધીનગર કોર્પોરેશનને પ્રિન્ટીંગ તેમજ સ્ટેશનરીની જરૂરી ચીજવસ્તુઓનો સપ્લાય કરતી એજન્સી બેસ્ટ કોમ્પ્યુટરને વર્ષ ૨૦૨૨-૨૩ માં આ માટે રૂ ૧.૨૮ કરોડની ચુકવણી કરવામાં આવી હતી. જયારે જરૂરી ચીજવસ્તુઓને અનુલક્ષી એક દાયકામાં અંદાજિત ૧૦ કરોડથી વધુ રકમ ચુકવાઇ હોવાનો અંદાજ છે ત્યારે આ મામલે ટુંકમાં જરૂરી તપાસ પણ કરવામાં આવશે.

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

વાદળોની આવન-જાવન - ચોમાસુ તેના અંતિમ ચરણમાં છે ત્યારે છેલ્લા ઘણા સમયથી વરસાદી માહોલ સર્જાય છે પણ વરસતો નથી... ક્યારેક વાદળોની આવન-જાવન થાય છે... અને આશા બંધાય છે કે, હમણાં વરસાદ વરસશે પણ છેલ્લા ઘણા સમયથી વરસાદ હાથતાળી આપીને જતો જ રહે છે... જોકે, આકાશમાં વાદળો ઘેરાતા ક્યારેક આહ્લાદક માહોલ સર્જાય છે... જેનો અનુભવ નગરજનો કરે છે...

નવા કોર્ટ બિલ્ડીંગની ડિઝાઈન તૈયાર, હવે, બે સપ્તાહમાં કામ શરૂ કરાશે

સે-૧૧ માં અદ્યતન કાર્ટ બિલ્ડીંગ બાંધવા અગાઉ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ : ડિઝાઇન આખરી થતા હવે ઝડપથી કામ પણ શરૂ કરી દેવાશે : આઠ માળના અદ્યતન કોર્ટ બિલ્ડીંગને અનુલક્ષી અલાયદો રેકર્ડ રૂમ પણ બનશે જયારે મોડેલ કોર્ટ બિલ્ડીંગ વાતાનુકુલિત રહેશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરના સે-૧૧ માં અદ્યતન કોર્ટ બિલ્ડીંગ બાંધવા માટે ટુંકમાં જ કામ શરૂ કરવામાં આવશે સેકટરમાં ૪૧૦૩૭ ચોરસ મીટર જગ્યામાં સુવિધાયુક્ત કોર્ટ બિલ્ડીંગ બાંધવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે કોર્ટ બિલ્ડીંગની યોજનાને અનુલક્ષી અગાઉ ખાતમુહુર્ત પણ કરવામાં આવ્યુ હતુ. આઠ માળના કોર્ટ બિલ્ડીંગમાં સઘળી સુવિધા ઉભી કરવામાં આવશે જયારે કોર્ટ બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા કોર્ટ બિલ્ડીંગને અનુલક્ષી ડિઝાઇન પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેના અંતે હવે ઝડપથી આ કાર્યયોજનાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

શહેરના સે-૧૧ માં વર્ષોથી જિલ્લા ન્યાયાલય કાર્યરત છે. જયારે સાંકડી જગ્યામાં ત્રણ માળના આ બિલ્ડીંગમાં કોઇ સુવિધા નથી જયારે બિલ્ડીંગમાં સુવિધા ઉભી કરવા માટે અગાઉ બાર એસોસિએશન દ્વારા પણ વારંવાર રજુઆતો પણ કરવામાં આવી હતી જેને અનુલક્ષીને હાલના કોર્ટ બિલ્ડીંગમાં વધારાના માળ તૈયાર કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી પરંતુ જગ્યા પુરતી ન હોવાના લીધે આ વિચારણા પડતી મુકવામાં આવી હતી. જયારે નજીકમાં જ સ્થિત રામકથા મેદાનના મેદાનમાં નવા કોર્ટ બિલ્ડીંગ માટે જગ્યા ફાળવવામાં આવતા થોડા સમય અગાઉ ખાતમુહુર્ત વિધિ પણ યોજવામાં આવી હતી. સે-૧૧ માં આઠ માળના અદ્યતન કોર્ટ બિલ્ડીંગને અનુલક્ષી અલાયદો રેકર્ડ રૂમ પણ બનશે જયારે મોડેલ કોર્ટ બિલ્ડીંગ વાતાનુકુલિત રહેશે. આ ઉપરાંત સોલાર સિસ્ટમ, રેઇન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ, સી સી કેમેરા સર્વેલન્સ, બેઝમેન્ટ પાર્કીંગ સહીતની જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. સઘળી સુવિધા સાથે બિલ્ડીંગ તૈયાર કરવાનુ છે ત્યારે નવા બિલ્ડીંગના આયોજન અને કામગીરીમાં કોઇપણ કચાશ ન રહી જાય તે માટે પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે જો કે ભુમિપુજનના અંતે લાંબા સમયથી કાર્ટ બિલ્ડીંગનુ કામ ચાલુ કરવામાં આવ્યુ નથી ત્યારે નવા કોર્ટ બિલ્ડીંગને અનુલક્ષી નવી ડિઝાઇન પણ તૈયાર કરી દેવામાં આવી છે. ત્યારે હવે ટુંક સમયમાં અલબત્ત બે સપ્તાહમાં નવા કોર્ટ બિલ્ડીંગના નિર્માણનુ કામ હાથ ધરવામાં આવશે. હાલની સ્થિતિએ જુના કોર્ટ બિલ્ડીંગ નજીક વાહન પાર્કીંગ સહીતની સમસ્યા પણ પેચીદી બની છે. જયારે નજીકમાં સ્થિત કલેકટર કચેરી અને સહયોગ સંકુલ તેમજ અન્ય કચેરીઓ પણ આ રૂટમાં કાર્યરત હોવાના લીધે કોર્ટ નજીકના સર્વિસ માર્ગ પર પણ ટ્રાફિક જામના દ્રશ્યો ઘણીવાર જોવા મળે છે. જયારે નવા કોર્ટ બિલ્ડીંગમાં પાર્કીંગની સમસ્યાને ડામવા માટે બેઝમેન્ટ પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવશે. કોર્ટ બિલ્ડીંગની યોજનાનુ કામ બે વર્ષમાં પુર્ણ કરવાનુ આયોજન કરાયુ છે.

ચ-૦ થી કોબા માર્ગ આસપાસ નવી ડિઝાઇનની ફેન્સીંગ જોવા મળશે

ધુળિયા વાતાવરણને દુર કરવા વિદેશી પેટર્ન પર લોન વિકસાવાશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં આગામી દિવસોમાં વાઇબ્રન્ટ સમિટ યોજવામાં આવનાર છે જયારે અત્યાર થી જ તંત્રએ આ દિશામાં કામગીરી શરૂ કરી દીધી છે. વાઇબ્રન્ટને અનુલક્ષી વી વી આઇ પી મહાનુભાવોની અવરજવર જે રૂટમાં થવાની છે. તેવા વિસ્તારમાં સુરક્ષા અને સુસોભનના મામલે અત્યારથી જ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ચ- ૦ થી કોબા સુધીના માર્ગને ડસ્ટ ફ્રી અને સુશોભિત કરવા માટે આયોજન કરાયુ છે. જયારે રૂટમાં અચાનક જ રખડતા ઢોર સહીત અન્ય પશુ આવે નહીં તે માટે અગાઉ કરવામાં આવેલી ફેન્સીંગ દુર કરી નવતર ડિઝાઇનવાળી ફેન્સીંગનુ કામ હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત કોર્પોરેશન દ્વારા માર્ગની આસપાસ વિદેશી પેટર્ન મુજબ હરિયાળી લોનનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં કોરોના કાળમાં છેલ્લા ઘણાં સમયથી વાઇબ્રન્ટ સમિટનુ આયોજન કરી શકાયુ નથી જેના લીધે વાઇબ્રન્ટ દરમિયાન શહેરમાં તેમજ વી વી આઇ પી મહાનુભાવોની અવરજવરના રૂટમાં થતા જરૂરી અને સુશોભનના કામો પણ હાથ ધરવામાં આવ્યા નથી કોરોના કાળના અંતે અંદાજે પાંચ વર્ષના અંતે વાઇબ્રન્ટ સમિટિ યોજવામાં આવશે. જેને અનુલક્ષી અત્યારથી જ તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જયારે વિકાસના બદલાતા આયામો વચ્ચે હવે તંત્રએ પણ નવતર અભિગમ અપનાવ્યો છે. વાઇબ્રન્ટ લુક આપવાની આ કામગીરીમાં કોર્પોરેશન પણ કામગીરીમાં જોડાશે.અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર તરફ આવવા માટેનો મુખ્ય હાઇવે ચ-૦ થી કોબા સુધીનો માર્ગ આગામી વાઇબ્રન્ટ સમિટ

● અનુસંધાન પાન-૭ પર

આગામી ૯ સપ્ટેમ્બરે નેશનલ લોક અદાલત : વિવિધ ૧૧ પ્રકારના કેસોનો સમાધાનથી નિકાલ કરાશે

ગાંધીનગર તા ૨૫

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ , સુપ્રિમ કોર્ટ દિલ્હી અને રાજય કાનુની સેવા સત્તા મંડળ ગુજરાત હાઇકોર્ટની સુચના અન્વયે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા ૯ મી સપ્ટેમ્બરે જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ નેશનલ લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ તેમજ મુખ્ય ન્યાયાધીશ જે આર શાહના નેતૃત્વ અને માર્ગદર્શન

હેઠળ આગામી તા ૯ સપ્ટેમ્બરના રાજે રજાના દિવસે જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ નેશનલ લોક અદાલત યોજવામાં આવશે જયારે આ લોકઅદાલત દરમિયાન સમાધાન લાયક ફોજદારી કેસ, નેગોશિએબલ ઇન્સ્ટ્રમેન્ટ એકટ ૧૩૮ ના કેસ, બેન્કના લેણાના દાવા, મોટર અકસ્માત વળતરના કેસ, લેબરને લગતા કેસ , ઇલેક્ટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ , લગ્નવિષયક (છુટાછેડા સિવાયના કેસ) જમીન સંપાદનના કેસ, પે, અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટસને લગતી સર્વિસ મેટરના કેસ, રેવન્યુ કેસ તેમજ અન્ય સિવિલ કેસોને પણ સમાધાન માટે હાથ પર લેવામાં આવશે. વધુમાં જણાંવાયા મુજબ જે પક્ષકારોને બેન્ક વીમા, કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન સહીતના હોદેદારોએ ગુજરાતના ચીફ જસ્ટીસ સુનિતાબેન અગ્રવાલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન નલીનભાઇ પટેલ, સી કે પટેલ, પરેશભાઇ જાની, કિશોર ત્રિવેદી, દિપન દવે, ભરત ભગત, તેમજ ગુજરાત બાર કાઉન્સિલના ફાઇનાન્સ કમિટીના શંકરસિંહ ગોહીલે ચીફ જસ્ટીસને બુકે આપીને શુભેચ્છા પાઠવી હતી.

અકસ્માત અને ઓવરસ્પીડના મામલે ૮ મહીનામાં જ ૭૧૧ લાયસન્સ સસ્પેન્ડ

ગત વર્ષ દરમિયાન માત્ર ૧૦૨ લાયસન્સ સસ્પેન્ડ કરાયા હતા

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનના મામલે નિરસતા સેવાઇ રહી છે. નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ જતા વાહનચાલકોના લીધે ઘણીવાર પૈડા પરની જિન્દગી જોખમાય છે. શહેર અને આસપાસના વિસ્તારમાં માર્ગ સલામતીના પરિબળોને અનુલક્ષીને પણ હજુ ઘણુ કરવાનુ ઘટે છે. શહેર જિલ્લામાં થતા માર્ગ અકસ્માતના બનાવો અને મૃત્યુઆંક ચિંતા જન્માવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી આર ટી ઓ નુ તંત્ર આ મામલે જાગૃત થયુ છે.

આર ટી ઓ દ્વારા અકસ્માત અને ઓવરસ્પીડના કેસ ધ્યાને રાખી વાહનચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ દરમિયાન આર ટી ઓ દ્વારા આવા કિસ્સામાં ૧૦૨ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

જયારે લાયસન્સ સસ્પેન્ડ કરવાની પ્રક્રીયા અન્વયે આ વર્ષે નોંધપાત્ર વધારો થયો છે. આર ટી ઓ દ્વારા ચાલુ વર્ષે માત્ર ૮ મહીનામાં જ ૭૧૧ જેટલા લાયસન્સ સસ્પેન્ડ કરાયા છે. થોડા સમય અગાઉ આર ટી ઓમાં બોગસ લાયસન્સ કાંડ સામે આવ્યો હતો જયારે ડ્રાઇવીંગ ટેસ્ટ આપ્યા વિના જ લાયસન્સ ઇસ્યુ કરવાનુ કૌભાંડ પણ સામે આવ્યુ હતુ. જેના લીધે આર ટી ઓ કચેરીમાં પમ સળવળાટ થયો છે. આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી આ કથિત કૌભાંડની અસર પણ જોવા મળી રહી છે. આર ટી ઓ કચેરીમાં મુલાકાતીઓની વચ્ચે એજન્ટોની અવરજવર પણ જોવા મળતી નથી.

જો કે ટ્રાફિક નિયમનની વાત છે ત્યારે આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનનો સરેઆમ ભંગ થઇ રહ્યો હોવાના દ્રશ્યો સામે આવી રહ્યા છે. નગરના ગ માર્ગ પર આર ટી ઓ કચેરી આસપાસ દબાણોનો ઢગ છે. જયારે આર ટી ઓમાં પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે ગ માર્ગ પર વચાળે જ વાહનોનો ખડકલો કરી દેવામાં આવે છે. જેના લીધે ગ માર્ગ પર માર્ગ સલાતમી પણ જોખમાતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે.

પંચદેવ મંદિરમાં લઘુરૂદ્રની તૈયારી સમયે ચાર વ્યકિતને કરંટ લાગ્યો : યુવકનું મૃત્યું

ગુરૂવારે સાંજના સમયે મંડપ બાંધવાની કામગીરી ચાલી રહી હતી. તે સમય દરમિયાન લોખંડના તાર બાંધતા સમયે વિજપોલના લાઈટના ખુલ્લા વાયરના કારણે ચાર વ્યકિતને કરંટ લાગ્યો હતો.

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર શહેરમાં પવિત્ર શ્રાવણ માસમાં વિવિધ મંદિરમાં ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ત્યારે નગરના પંચદેવ મંદિર ખાતે બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ગઈકાલે સાંજના સમયે મંડપ બાંધવાની કામગીરી ચાલી રહી હતી. તે સમય દરમિયાન લોખંડના તાર બાંધતા સમયે વિજપોલના લાઈટના ખુલ્લા વાયરના કારણે ચાર વ્યકિતને કરંટ લાગ્યો હતો. કરંટ લાગતા ત્રણ વ્યકિત ફંગોળાઈને દુર પડ્યા હતા. જયારે ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા ગાંધીનગર શહેર-જિલ્લાના યુવા ઉપપ્રમુખ તિર્થેશ અમૃતલાલ ઉપાધ્યાયનું આકસ્મિક અવસાન થતા પરિવાર તેમજ સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે બ્રહ્મ સમાજ દ્વારા આજે લઘુરુદ્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચદેવ મંદિર ખાતે યજ્ઞમાં બ્રહ્મસમાજના આગેવાનો તેમજ ભાઈ બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહેવાના હતા. જેથી કેટલાક સમયથી બ્રહ્મસમાજ રાજયકક્ષા ગાંધીનગર શહેર-જિલ્લાના ૩૩ વર્ષિય ઉપપ્રમુખ તિર્થેશ ઉપાધ્યાય સહિત સમાજના અન્ય નાગરીકો વિવિધ તૈયારીમાં લાગી ગયા હતા. મંદિર ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.ત્યારે સાંજના સમયે

તિર્થેશભાઈ પંચદેવ મંદર ખાતે ગયા હતા. જયાં સમાજ દ્વારા મોટો શામિયાણો બાંધવામાં આવ્યો હતો. તે દરમિયાન તિર્થેશભાઈ સહિતના અન્ય વ્યકિતઓ ભગવાન શિવની પ્રતિષ્ઠા અર્થે લોખંડનો તાર એક છેડે થી બીજી તરફ બાંધી રહ્યા હતા.તે સમયે તારનું ગુંચળુ તિર્થેશભાઈના હાથમાં હતું. તે સમયે મંડપનો ઈલેક્ટ્રીશીયન તેમજ મુકેશભાઈ ભટ્ટ, અને તેમના પત્ની પણ હતા. તે સમયે લોખંડના પોલમાં છુટ્ટા વિજ વાયરને તાર અડી જતા મુકેશ ભટ્ટ અને તેમના પત્ની તેમજ ઈલેકટ્રીશીયનને કરંટ લાગ્યો હતો.જેથી તિર્થેશભાઈ તમામ વ્યકિતનો જીવ બચાવવા માટે તારનું ગુંચળુ દુર ફેકવા માટે પ્રયત્ન કર્યો હતો. તે સમયે તેઓને પણ કરંટ લાગતા તેઓ જમીન પર ફસડાઈ પડ્યા હતા. જો કે આ ઘટનામાં વીજકરંટ લાગતા અન્ય ત્રણ વ્યકિત પણ દુર ફેંકાઈ ગયા હતા. આ કરૂણ ઘટના બનતા પંચદેવ મંદિર ખાતે દોડાદોડી થઈ ગઈ હતી. તિર્થેશભાઈને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબિબે તેઓને ચકાસીને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતા સમાજના આગેવાનો સિવિલ ખાતે દોડી ગયા હતા. મૃતકનું વહેલી સવારે પીએમ કરાવી મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. જયારે સમાજના આગેવાનોએ કહ્યું કે તિર્થેશભાઈને પત્ની અને છ માસની દીકરી છે. તેઓ સરગાસણ સિધ્ધિ વિનાયક સોસાયટી ખાતે રહેતા હતા. તેઓ ફાયર સેફટીનો બિજનેસ અને કર્મકાંડનું પણ કામ કરતા હતા. જયારે અમેરીકા થી બીજો દિકરો આવ્યા બાદ તિર્થેશ ઉર્ફે રવિની સ્મશાન યાત્રા નીકળશે. જયારે ભટ્ટ દંપતિ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયારે બ્રહ્મ સમાજના કર્મઠ યુવાન કાર્યકરનું આકસ્મિક અવસાન થતા સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

માર્ગો અને બાંધકામની યોજના અન્વયે છેલ્લા એક મહીનાથી ઓનલાઇન ટેન્ડર ભરાતા નથી

ભાવ વધારા અને જી એસ ટી અલગથી ગણવાના મુદ્દે કોન્ટ્રાકટર એસોસિએશનની પ્રબળ માંગ : તા ૧ ઓગષ્ટથી ટેન્ડર ભરવામાં ન આવતા કામો વિલંબમાં પડયા

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર જિલ્લા સહીત રાજયમાં માર્ગ નવિનીકરણ તેમજ બાંધકામની કામગીરી છેલ્લા એક મહીનાથી વિશેષ રીતે પ્રભાવિત છે. ભાવ વધારા તેમજ જી એસ ટી અલગથી ગણવાના મુદ્દે કોન્ટ્રાકટર એસોસિએશને માંગણી કરી છે. જયારે આ મામલે સરકાર કક્ષાએથી કોઇ નિર્ણય લેવાયો નથી જેના લીધે કોન્ટ્રાકટરો ઓનલાઇન ટેન્ડર પ્રક્રીયામાં ભાગ લેતા નથી. આ સ્થિતિ વચ્ચે છેલ્લા એક મહીનાથી સમગ્ર કામગીરી પણ ઠપ્પ થઇ ગઇ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે.

અગાઉ વિધાનસભાની ચુંટણી પુર્વે પણ ભાવ વધારા તેમજ કોવોરી ઉદ્યોગકારોએ હડતાલ કરી હતી જેના લીધે પણ લાંબા સમય સુધી કામગીરી પર વિપરિત અસર જોવા મળી હતી. આવા સંજોગોમાં ચાલુ કાર્યયોજનાનુ કામ પણ ઠપ્પ થઇ જાય તેવી સ્થિતિ સર્જાઇ હતી. આ સ્થિતિમાં સરકારે પણ સમાધાનકારી વલણ અપનાવી અમુક માંગણીઓ સ્વીકારી હતી જેના અંતે થોડા સમય માટે બધુ થાળે પડી ગયુ હતુ. જો કે આ દરમિયાન પડતર પ્રશ્નોને અનુલક્ષીને કોઇ નક્કર આયોજન ન થતા ગત તા ૧ ઓગષ્ટથી કોન્ટ્રાકટરોએ ઓનલાઇન ટેન્ડર ભરવાનુ બંધ કરી દીધુ છે. અલબત્ત ઓનલાઇન ટેન્ડર નહીં ભરવાની જાહેરાત પણ કરી દીધી છે. જેના લીધે છેલ્લા એક મહીનાથી કોઇ કામના ટેન્ડરો ભરાતા નથી. એકબાજુ વિકાસના અનેકવિધ કામોને વેગ આપવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જયારે આગામી દિવસોમાં હવે લોકસભાની ચુંટણી પણ આવશે ત્યારે વિકાસ કામો લોકઉપયોગી અને સાચા અર્થમાં પ્રજાલક્ષી બને તે દીશામાં પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગરમાં પણ સ્માર્ટ સીટી અન્વયે અનેકવિધ કામો ચાલી રહ્યા છે. તો બીજીતરફ શહેરની સાથે આસપાસના વિસ્તારો અને જિલ્લાના જંકશનને જોડતા રોડ નેટવર્કને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. આ કામોને પણ એકબાદ એક હાથ ધરવા માટે ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. પ્રજાકીય કામોને ઝડપથી પુર્ણ કરવા માટે પણ આયોજન કરાયુ છે. ત્યારે કોન્ટ્રાકટર એસોસિએશન પણ લડતના મુડમાં છે.

અલબત્ત છેલ્લા એક મહીનાથી ઓનલાઇન ટેન્ડર ભરવાની પ્રકીયાથી પણ કોન્ટ્રાકટરો

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

સ્વ. કિરણકુમાર કાંતિલાલ ત્રિવેદી નું
દુ:ખદ અવસાન તા.૧૮-૦૮-૨૦૨૩ના રોજ થયેલ છે.
ભગવાનને ગમ્યુ તે ખરું. સદ્ગતનું બેસણું તા.૨૭-૦૮-૨૦૨૩, રવિવારના રોજ બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ : શ્રી વરિયા પ્રજાપતિ સમાજની વાડી, વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સામે, સેકટર-૨૮, ગાંધીનગર

સ્વ. કાંતિલાલ ત્રંબકલાલ ત્રિવેદી (પિતા)
ગં.સ્વ. ભદ્રશિલાબેન કાંતિલાલ ત્રિવેદી (માતા)
ગં.સ્વ. વૈશાલીબેન કિરણકુમાર ત્રિવેદી (પત્ની)
રૂદ્રેશ કિરણકુમાર ત્રિવેદી (પુત્ર) મો.૯૭૨૫૬ ૮૨૦૯૮
સમસ્ત ત્રિવેદી પરિવાર

પિયરપક્ષનું બેસણું ઉપરના સ્થળે અને સમયે રાખેલ છે.

સ્વ. અશોકભાઈ બાલકૃષ્ણ દવે	જીગર અશોકભાઈ દવે
ગં.સ્વ. રેખાબેન અશોકભાઈ દવે	નિરવ અશોકભાઈ દવે
શૈલેષભાઈ બાલકૃષ્ણ દવે	નિખિલ શૈલેષભાઈ દવે
નીતિનભાઈ બાલકૃષ્ણ દવે-૯૯૨૪૧૫૫૧૬૩	તારક નીતિનભાઈ દવે

સમસ્ત દવે પરિવાર, (રૂપાલ-ઉંવારસદ) હાલ-ગાંધીનગર

ગાંધીનગર સમાચાર
જાહેર નોટીસ / કોર્ટ નોટીસ
● રૂ. ૭૮૦/- ૨ કોલમ x ૬ સે.મી. (ફિક્સ) B&W
● રૂ. ૧૩૦૦/- ૨ કોલમ x ૧૦ સે.મી. (ફિક્સ) B&W
ત્યારબાદ ઉપરના વધારાના પ્રતિ કોલમ x સે.મી.ના રૂ. ૬૨/- ચાર્જ રહેશે
જાહેરાત આપવા સંપર્ક
મો. 98797 97884, ફોન. : 079-2322251

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : જેકે વિઝન મિડિયા પ્રાઈવેટ લિમિટેડ વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર, જી. અમદાવાદ ખાતે છાપ્યું અને બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. કાર્યવાહક તંત્રી : મયુર જી. પટેલ, ફોન : ૨૩૨૨૨૫૭૧, મો. ૯૮૭૯૭૯૭૮૮૪, E-mail : gandhinagarsamachar@gmail.com